# સિંધુ-ખીણ સંસ્કૃતિનું નગર આયોજન.


ડૉ.ગીતા ડી.મારુ
અધ્યાપક સહાયક,
એમ.બી.કોમર્સ & જી.એમ.એન.લાલજી આર્ટ્સ કૉલેજ, દહેગામ

# પ્રકરણમાં રજૂઆત

1. પ્રસ્તાવના
2. હડપ્પા સંસ્કૃતિના નગરની નગર આયોજનની મુખ્ય વિશેષતાઓ.
   1. દ્વિસ્તરીય નગર યોજના
   2. રસ્તાઓની વ્યવસ્થા
   3. ગટર યોજના (પાણી અને ડ્રેનેજ સિસ્ટમ)
   4. ભવન નિર્માણ યોજના (મકાનો અને ભવનો)
   5. મોંહે-જો-દડો નો વિશાળ સ્નાનાગાર
   6. અન્નાગાર (અનાજના કોઠારો)
   7. સાર્વજનિક ભવનો
   8. મજૂરો અને ગુલામોના મકાનો
   9. વહાણ લાંગરવાનો ધક્કો (ગોદીવાડો)

## હડપ્પા સંસ્કૃતિનાં મહત્ત્વપૂર્ણ સંશોધિત સ્થળો.

| | સ્થળ | ઉત્ખનનકર્તા (સંશોધક) | વર્ષ | નદી કિનારો |
|---|---|---|---|---|
| (1) | હડપ્પા | દયારામ સાહની | ૧૯૨૧ | રાવી નદી |
| (2) | મોહેંન-જો-દડો | રખાલદાસ બેનરજી | ૧૯૨૨ | સિંન્ધુ નદી |
| (3) | ચન્હુદડો | એન. જી. મજુમદાર | ૧૯૩૧ | — |
| (4) | રંગપુર | એમ. એસ. વત્સ | ૧૯૩૧, ૧૯૫૩ | ભાદર નદી |
| (5) | રોપડ | યજ્ઞદત્ત શર્મા | ૧૯૫૩ | સતલુજ નદી |
| (6) | કાલીબંગા | બી. બી. લાલ, | ૧૯૫૩ | ધગ્ઘર નદી |
| (7) | કોટદીજી | ફઝલ અહમદ ખાં | ૧૯૫૫ | સિંન્ધુ નદી |
| (8) | લોથલ | એસ. આર. રાવ | ૧૯૫૭ | ભોગાવો નદી |
| (9) | સુત્કાઝેન્ડોર (સુત્કઝનડોર) | ઓરેલ સ્ટાઈન, જ્યોર્જ ડેલ્સ | ૧૯૨૭, ૧૯૬૨ | દાશ્ત નદી |
| (10) | આલમગીરપુર | યજ્ઞદત્ત શર્મા | ૧૯૫૮ | હિન્ડન નદી |




સિંધુ સંસ્કૃતીના ગુજરાતમાં વિવિધ સ્થળો

# પ્રસ્તાવના

- વિશ્વની પ્રાચીન સંસ્કૃતિમાં હડપ્પા સંસ્કૃતિ એક મહત્વની સંસ્કૃતિ તરીકે ઓળખાય છે.આ સંસ્કૃતિની શોધ ઇ.સ. 1921-22 દરમ્યાન થયેલા ઉત્ખનનોને આભારી છે.
- ઇ.સ. 1921માં રાવી નદીના કિનારે હડપ્પા (મોન્ટગોમેરી જિલ્લો, પંજાબ રાજય, પાકિસ્તાન)
- ઇ.સ. 1922માં સિંધુ નદીના કિનારે મોહેં-જો-દડો (લારખાના જિલ્લો, સિંધ રાજ્ય, પાકિસ્તાન) નામના બે નગરો મળી આવ્યા છે.
- આ નગરો લગભગ ઇ.સ.પૂર્વે 3000 ની આસપાસ વિકસેલ સંસ્કૃતિના મહાનગરો હતા.
- હડપ્પા દયારામ સાહની તથા મોહેં-જો-દડો રખાલદાસ બેનરજીની રાહબરીમાં શોધાયા હતા.

# હડપ્પા સંસ્કૃતિના નગરની નગર આયોજનની મુખ્ય વિશેષતાઓ.

1. હડપ્પા સંસ્કૃતિની સૌથી મહત્વની વિશેષતા તેની નગર યોજના હતી, સૌથી આશ્ચર્યની વાત એ છે કે, દરેક નગરમાં એકજ પ્રકારનું નિર્માણ જોવા મળે છે. આ સંસ્કૃતિના નગરો મોટેભાગે નદી કિનારે છે. નગરોમાં રસ્તાઓ નગરની મધ્યમાં કાટખૂણે મળતા હતા. ગટરો ખુબજ વ્યવસ્થિત અને યોજનાબદ્ધ બનાવતા હતા.

# દ્વિસ્તરીય નગર યોજના

- હડપ્પા સંસ્કૃતિમાં દ્વિસ્તરીય નગર યોજનાના અવશેષો અને પ્રમાણ મળે છે.
  1. દુર્ગ (કિલ્લો કે ગઢ) માં શાસકો ના નિવાસ સ્થાનો હતા.
  2. નીચલા નગરમાં સામાન્ય પ્રજાના રહેણાકના મકાનો હતા.
- હડપ્પા, મોહેં-જો-દડો, કાલિબંગા, લોથલ, સુરકોટડા નગરોમાં આ પ્રકારની વ્યવસ્થા જોવા મળે છે.



# રસ્તાઓની વ્યવસ્થા

- આખા નગરમાં રસ્તાઓ અને ગાલ્લીઓની જાળ પથરાયેલી હતી.
- મુખ્ય બે રાજ માર્ગો 9.14 મીટર પહોળા હતા જે પૂર્વથી પશ્ચિમ તથા ઉત્તર થી દક્ષિણ જતાં હતા અને નગરની મધ્યમાં કાટખૂણે મળતા હતા. તેની સાથે અનેક નાના રસ્તાઓ અને ગલલીઓ જોડાયેલી હતી, જે લગભગ 3 મીટર પહોળી હતી.

# ગટર યોજના (પાણી અને ડ્રેનેજ સિસ્ટમ)

- હડપ્પા સંસ્કૃતિની સૌથી અગત્યની બાબત તેની ગટર યોજના હતી.
- પીવાના પાણી માટે કૂવાની વ્યવસ્થા હતી.
- દરેક મોટા ઘરમાં કૂવાઓ હતા.
- આ સાથે ગંદા પાણીના નિકાલ માટે ઉન્નત કક્ષાની ગટર વ્યવસ્થા વિકસાવવામાં આવી હતી.
- પાકી ઇંટોની ગટર વ્યવસ્થા હતી. આ ગટરો વરસાદ અને ઘરના ગંદા પાણીને લઈને નગરની મોટી અને મુખ્ય ગટરમાં લઈ જતી હતી. આ ગટરો ખુબજ મોટી હતી તેમાં ઉતારવા માટે સીડીની વ્યવસ્થા પણ હતી





# ભવન નિર્માણ યોજના (મકાનો અને ભવનો)

- આ નગરોના ભવનો યોજનાબદ્ધ રીતે બનાવાયા હતા. દરેક ઘરમાં રસોડુ, સંડાસ અને બાથરૂમની વ્યવસ્થા કરવામાં આવતી.
- કોઈપણ મકાનનો દરવાજો રસ્તા પર પડતો ન હતો એ તેની વિશેષતા હતી.
- બે કે ત્રણ માળના મકાનો બનાવતા હતા.

# મોંહે-જો-દડો નો વિશાળ સ્નાનાગાર

- આ નગર માંથી વિશાળ સ્નાનાગાર મળી આવ્યો છે.
- આ સ્નાનાગાર 12 મીટર લાંબો, 7 મીટર પહોળો અને 2.5 મીટર ઊંડો હતો. તેમાં ઉતરવા સીડીની વ્યવસ્થા હતી.
- કુંડમાં પાણી લાવવા માટે વિશાળ કૂવાની વ્યવસ્થા કરવામાં આવેલી. કુંડ પાકી ઇંટોનો બનેલો હતો. તળિયું ચૂવે નહિઁ તેવું બનાવવામાં આવ્યું હતું. અહીં પણ ગંદા પાણીના નિકાલની વ્યવસ્થા હતી. તળાવો કે કૂવા માંથી ચોખ્ખું પાણી લાવવાની વ્યવસ્થા હતી.

# મોંહે-જો-દડો નો વિશાળ સ્નાનાગાર



હડપ્પા સંસ્કૃતિના કૂવા




મોંહે-જો-દડોમાંનું મહાસ્નાનગૃહ

# અન્નાગાર (અનાજના કોઠારો)

- આ સંસ્કૃતના ભવન નિર્માણમાં કોઠારો ઘણા મહત્વના હતા. કોઠારો ખુબજ વિશાળ અને મોટા કદનાં હતા.
- આ કોઠારોમાં ખેતી દ્વારા કે કર દ્વારા વસૂલ કરાયેલ અનાજ સંગ્રહિત થતું હતું.
- મોહેં-જો-દડો સ્થિત કોઠાર 45.72 મીટર લાંબો અને 15.23 મીટર પહોળો હતો. તેનું મુખ નદી તરફ હતું.
- લોથલ માંથી પણ કોઠાર મળી આવ્યો છે. તે પણ વહાણ લાંગરવાના ધક્કાની સામેજ છે.

# સાર્વજનિક ભવનો

- મોહેં-જો-દડો માંથી પ્રાપ્ત થયેલ ભવન 20 સ્તંભો પર બનેલ વિશાળ સભાગૃહ કે બઝાર ગૃહ જણાય છે. આ ઉપરાંત એક વિશાળ રાજ દરબાર કે રાજ મહેલ જણાય તેવું મળી આવેલ જણાય તેવું મળી આવેલ છે.
- રસ્તાની આજુબાજુ દુકાનોની કતારો પણ મળી આવી છે.



# મજૂરો અને ગુલામોના મકાનો

- મજૂરોના મકાનો ઘણા નાનાં અને અવ્યવસ્થિત હતા. જેની પાસે ભઠ્ઠીઓ અને કારખાના જેવી વ્યવસ્થા મળી આવી છે. જેથી આ મજૂરો તેમાં કામ કરતાં હોવા જોઈએ.
- આવા મકાનો મોહેં-જો-દડો અન્ય નગરો માંથી મળી આવ્યા છે.

# વહાણ લાંગરવાનો ધક્કો (ગોદીવાડો)

- લોથલ માંથી એક વિશાળ જહાજ કે લંગર સાથેના વહાણ લાંગરવાના ધક્કા કે ગોદીવાડાના અવશેષો મળી આવ્યા છે.
- આ ધક્કાની લંબાઈ 218 મીટર લાંબી અને 37 મીટર પહોળી તથા 3.3. મીટર ઊંડી છે.
- આ ધક્કો નહેર મારફતે ભોગાવો નદી સાથે સંકળાયેલ હતો.

# વહાણ લાંગરવાનો ધક્કો (ગોદીવાડો)



લોથલની ગોદી (અવશેષોના આધારે પુનર્રચના)



